તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૬૫ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૨૨ | ૧૨ જુલાઈ, ૨૦૧૬, મંગળવાર ; અષાઢ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## વૈશ્વિક શેરબજારમાં ચોતરફ તેજી

**ઇન્ડેક્ષ ૫૦૦ પોઇન્ટ અપ : તમામ સેક્ટરમાં તેજી : નિફ્ટી પણ ટોચની સપાટીએ : બેંક નિફ્ટી, ઓટો ઇન્ડેક્સમાં તેજી સાથેનો કારોબારઃ મિડકેપમાં પણ જોવા મળેલી મજબૂતાઇ : કેપિટલ ગુડ્ઝ, પાવર અને ટેકનોમાં પણ લેવાલી રહી**

મુંબઈ,તા. ૧૧

અમેરિકાના પ્રોત્સાહક જોબ ડેટા અને જાપાનમાં સત્તારુઢ સરકારના વિજયથી સ્ટીમ્યુલસની આશા જીવંત બનતા અપેક્ષા મુજબ આજે વૈશ્વિક રાહે ભારતીય શેરબજારમાં દિવસભર જબરજસ્ત તેજી સાથે બિઝનેસ થયો હતો. ભારતીય શેરબજારમાં સેંસેક્સે આજે વર્ષની તેની સર્વોચ્ચ તેજી ૫૦૦ પોઇન્ટના ઉછાળા સાથે માર્કેટ જે સમયે બંધ રહ્યું તે સમયે ૨૭૬૨૭ના સ્તર પર બંધ રહ્યું. જ્યારે નિફ્ટી પણ ૧૪૬ પોઇન્ટના વધારા સાથે ૮૪૬૮ના સ્તર પર બંધ રહ્યું હતું. ઓક્ટોબર ૨૦૧૫ બાદ પહેલી વખત સેંસેક્સે તેજીમાં જોવા મળ્યું. આમ થવા પાછળ વૈશ્વિક તેજીની સાથે એશિયાઇ માર્કેટોમાં પણ જોવા મળેલી સ્થિરતાના કારણે આજે શેરબજારમાં જાતેજાતમાં લેવાલીનો માહોલ જોવા મળ્યો હતો.

આ અગાઉ આજે સવારે લગભગ ૧૦ના સુમારે સેંસેક્સમાં ૧.૭૪ ટકા એટલે કે ૪૭૩ પોઇન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો. ઘરઆંગણે આજે શેરબજારમાં રેકોર્ડ તેજી નોંધાવવા પામી હતી તો નિફ્ટી પણ છેલ્લા ૧૧ મહિનાની તેની ઉચ્ચતમ સપાટી સાથે ૮૪૫૦ના સ્તર પર જોવા મળ્યો હતો. વૈશ્વિક સ્તરે જાપાનમાં નિક્કી ઉપરાંત અન્ય બજારોમાં મજબૂતાઈ જોવા મળતા ભારતમાં બેંકિંગ, રિયાલીટી સહિતના તમામ સેક્ટરના શેરોમાં લેવાલી જોવા મળી હતી. નિષ્ણાતોનું માનવું છે કે, અમેરિકા અને એશિયાઇ માર્કેટમાં મજબૂત સંકેતો મળતા આજે ભારતના શેરબજારમાં પણ વિક્રમી ઉછાળો આવ્યો છે. આ સાથે જ માર્કેટમાં મિડકેપ ઈન્ડેક્સમાં પણ નવી મજબૂતાઈ જોવા મળી છે.

વિશ્વના બજારોની સાથે ભારતના બજારોમાં આજે જાતેજાતમાં જે લેવાલી જોવા મળી તેના ઉપર એક નજર નાંખવામાં આવે તો બેંક, ઓટો ઉપરાંત નિફ્ટીના પીએસયુ બેંક ઈન્ડેક્સમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ ઉપરાંત મેટલ અને રિયાલીટી ઈન્ડેક્સમાં પણ એક ટકાથી વધુની તેજી જોવા મળી છે. આજે થયેલા કારોબારમાં બેંક ઓફ ઈન્ડિયાના કારોબારમાં ચાર ટકા, પીએનબીના કારોબારમાં ત્રણ ટકા, બેંક ઓફ બરોડાના કારોબારમાં બે ટકા સાથે તેજીનો કારોબાર નોંધાયો છે. નિફ્ટીના પાંચ સૌથી વધુ તેજીમાં જોવા મળેલા શેરોમાં આઈસીઆઈસીઆઈ બેંક બે ટકા, ભારતીય ઈન્ફ્રાટ્રેલ ૧.૪ ટકા બેંક ઓફ બરોડા અને એલએન્ડ ટી ૧.૧૪ ટકા સાથે મજબૂતીમાં જોવા મળ્યા હતા.

### હવે નાના સ્ટેશનો પર લાંબા અંતરની ટ્રેન ઉભી નહી રહે

નવી દિલ્હી,તા. ૧૧

મોદી સરકાર હવે નાના નાના સ્ટેશન પર લાંબા અંતરની ટ્રેનોને રોકવા માટેની વ્યવસ્થાને ખતમ કરવાની તૈયારીમાં છે. રેલવે દ્વારા હવે ટુંક સમયમાં જ આ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવી શકે છે. ઘણા વર્ષોથી રેલવે દ્વારા દબાણ સમક્ષ ઝુંકીને નાના નાના સ્ટેશન પર ટ્રેનને રોકવાની પરંપરા અપનાવી હતી. જો કે હવે રેલવે આને બંધ કરવા માંગે છે. આ નાના સ્ટેશન પરથી નહીવત અથવા તો ખુબ ઓછી આવક થઈ રહી હોવા છતાં ટ્રેનોને રોકવામાં આવી રહી હતી.આના કારણે રેલવેને નુકસાન ઉઠાવવાની ફરજ પડી રહી હતી. છતાં રેલવે આને સામાજિક જવાબદારી સમજીને નુકસાન ઉઠાવી રહ્યુ હતુ.

### સુલતાન ફિલ્મની કમાણી ૧૮૨ કરોડના આંકને પાર

મુંબઈ, તા.૧૧

સલમાનખાનની ઈદના દિવસે રિલીઝ કરવામાં આવેલી ફિલ્મ સુલતાન નવા નવા રેકોર્ડ બનાવી રહી છે. સલમાનખાન પોતે પોતાનો રેકોર્ડ તોડી રહ્યા છે. ફિલ્મ સુલતાન રિલીઝ થયાના પહેલા પાંચ દિવસોમાં તેનું રૂા.૧૮૨ કરોડ ઉપરનું રેકોર્ડ કલેકશન મળ્યું છે. સલમાન અભિનિત ફિલ્મ સુલતાન અગાઉ કરવામાં આવેલી જાહેરાત મુજબ ઈદના દિવસે રિલીઝ કરવામાં આવી હતી. બોક્સ ઓફિસ પર આ ફિલ્મે નવો રેકોર્ડ બનાવ્યો છે.

## કાશ્મીર ઘાટીની પરિસ્થિતિની સમીક્ષા

**ઘાટીમાં શાંતિ સ્થાપવા માટે રાજનાથસિંહની સોનિયા - ઓમર સાથે વાતચીત : રાષ્ટ્રની સુરક્ષા માટે કોઇ સમજૂતિ ન હોઇ શકે : સોનિયા ગાંધીઃમહેબુબા શાંતિ સ્થાપવા નેતૃત્વ લે :ઓમર અબ્દુલ્લા**



નવી દિલ્હી,તા. ૧૧

કાશ્મીરમાં ગત શનિવારથી શરૂ થયેલા હિંસાના બનાવો સતત ત્રીજા દિવસે પણ જારી રહેવા પામ્યા છે. અત્યાર સુધીમાં કાશ્મીરમાં બનેલા હિંસક બનાવો અને પ્રદર્શનો દરમિયાન કુલ ૨૩ લોકોના મોત થયા છે. આ દરમિયાન કાશ્મીરમાં ઉભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ગૃહમંત્રી રાજનાથસિંહે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સાથે સ્થિતિની સમીક્ષા કરી છે. સોનિયા ગાંધી અને નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લા સામે ગૃહમંત્રીએ ઘાટીમાં શાંતિ સ્થાપિત કરવા માટે ટેલિફોન પર વાતચીત કરી છે. જમ્મુ કાશ્મીરમાં વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૫ની વચ્ચે શાસન કરવા વાળા કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સના નેતાઓ સાથે ગૃહમંત્રીએ કરેલી વાતચીત અંગે એમ માનવામાં આવી રહ્યું છે કે, કેન્દ્ર સરકાર કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા માટે વિરોધપક્ષને વિશ્વાસમાં લેવા માટે આગળ વધી રહી છે. સોનિયા ગાંધીએ આજે એક નિવેદનમાં કહ્યું છે કે, દેશની સુરક્ષાના મામલે કોઈ સમજૂતિ ન હોઈ શકે.

● અનુસંધાન પાન-૭ પર

## આજથી બે દિવસ માટે બેંક કર્મચારીઓની હડતાલ

**એસબીઆઈએ કરેલા વિલીનીકરણ નિર્ણયની સામે હડતાલ : કરોડો રૂપિયાના ક્લિયરિંગની કાર્યવાહી ઠપ થઇ જશે**



નવીદિલ્હી, તા. ૧૧

દેશની રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા આજથી બે દિવસની હડતાળનો આરંભ થવાનો છે જેને પગલે આ બે દિવસ દરમિયાન કરોડો રૂપિયાના ક્લિયરિંગ સહિતની અન્ય કામગીરી ઠપ થઈ જશે. રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓના એક જૂથ દ્વારા એસબીઆઈએ તેની સહયોગી બેંકોના વિલિનીકરણ અંગે જે નિર્ણય કર્યો છે તેને લઈને આ બે દિવસની હડતાળ પાળવા અંગે નિર્ણય લેવાયો છે. એલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશનના મહાસચિવ સીએસ વેંકટચલમના કહેવા મુજબ મુખ્ય શ્રમ સચિવ સાથે યોજવામાં આવેલી બેઠક નિષ્ફળ ગઈ છે અને અમે બે દિવસની અમારી હડતાળના નિર્ણય ઉપર અડગ છીએ. ઓલ ઈન્ડિયા

● અનુસંધાન પાન-૭ પર

## હાર્દિક પટેલનો જેલવાસ પૂર્ણ

**પાટીદાર નેતા હાર્દિકને શરતી જામીન : છ માસ રાજ્ય બહાર રહેવું પડશે : વિસનગરમાં એમએલએ ઓફિસમાં તોડફોડનો મામલો હાર્દિક ત્રણ માસ સુધી મહેસાણામાં પ્રવેશ નહીં કરી શકે**

અમદાવાદ, તા.૧૧

વિસનગર ખાતે એમએલએની ઓફિસમાં તોડફોડ કરવાના મામલે પાટીદાર નેતા હાર્દિક પટેલ વિરુદ્ધ નોંધાયેલા ગુનાની સુનાવણી દરમિયાન આજે હાઈકોર્ટે તેના શરતી જામીન મંજુર કરતા પાટીદારોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. બીજી તરફ હાર્દિકને મળેલા જામીનને લઇ વિવિધ રાજકીય પ્રતિક્રિઆઓ સામે આવી છે જેમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ વિજય રુપાણીએ કહ્યું છે કે, સરકારના ઉદાર વલણના કારણે હાર્દિકને આ જામીન મળ્યા છે. પાટીદારોની મોટાભાગની માંગણીઓ સરકારે સંતોષી છે તો બીજી તરફ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ કહ્યું છે કે, હાર્દિકને જામીન મળ્યા તે આનંદની વાત છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ અનામત આદોલન સમિતિના સંયોજક હાર્દિક પટેલ વિરુદ્ધ વિસનગરમાં નોંધાયેલાા ગુના સંદર્ભે હાઈકોર્ટમાં આજે સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટ જામીન મંજુર કર્યા હતા. રાજદ્રોહના કેસમાં હાર્દિકને જામીન મળી ચુક્યા હતા. ત્યારે આજના કેસના ચુકાદા પર સૌની મીટ મંડાયેલી હતી.

રાજદ્રોહના કેસમાં હાઈકોર્ટે શરત મુકી હતી કે, હાર્દિક પટેલને જેલમાંથી છુટ્યા બાદ ૪૮ કલાકમાં જ ગુજરાત છોડી દેવું પડશે. તો બીજી તરફ ૯ મહિના મહેસાણામાં પ્રવેશબંધી અંગે પણ હાર્દિક પટેલના વકીલે રજુઆત કરી હતી કે, મહેસાણામાં હાર્દિક પટેલના કુળદેવી ઉમિયા માતાનું મંદિર હોવાથી દર્શનની પરવાનગી આપવામાં આવી હતી પરંતુ હાઈકોર્ટે તેમની આ માંગણીને ગ્રાહ્ય રાખી ન હતી. હાર્દિક પટેલની જામીન મળી જતાં હાર્દિકના પરિવાજનો તથા પાટીદાર સમુદાયમાં ખુશીનો માહોલ સર્જાયા હતો. હાર્દિક પટેલના ગ્રામજનોએ ફટાકડા ફોડીને તથા એકબીજાને પેંડા ખવડાવીને મોઢું મીઠું કરાવી ઉજવણી કરી હતી.

હાર્દિક પટેલ સુરત ગયા બાદ વિરમગામ આવશે ત્યારે તેના સ્વાગત માટે જોરદાસ તૈયારી કરી દેવામાં આવી છે. હવે જોવાનું એ રહ્યું કે હાર્દિક પટેલને જામીન મળી હોવાથી તે ગુજરાત બહાર ક્યા સ્થળે જશે. સુત્રોના જણાવ્યા અનુસાર હાર્દિક પટેલ જેલમાંથી મુક્ત થયા બાદ સુરતના વરાછામાં રેલી સંબોધિત કરશે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225





Keshavam Party Plot & Radhe Caterers : +91 98254 50111, +91 99099 55655



પ્રથમ માસિક પુણ્યતિથિએ

અંજલિ



સ્વ. સિદ્ધાર્થભાઈ ઝવેરી
સ્વર્ગવાસ તા. ૧૨-૬-૨૦૧૬

जातस्य हि ध्रुवो मृत्यु - र्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥
२-२७ भगवद् गीता

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે. તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.
૨-૨૭ ભગવદ ગીતા

આપના દિવ્ય આત્માને શત્ શત્ પ્રણામ

હેતલ ઝવેરી - કિન્નર ઝવેરી
જ્યોત્સનાબેન ઝવેરી
કથન - કવન